પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર.
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
કચેરી ટે. નં. ૦૨૬૫ ૨૪૨૩૯૫૦, ફેકસ નં.૨૪૩૨૫૮૨ EPBX નં.૨૪૩૬૯૯૯ - ૨૪૩૫૯૪૭
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : જી/સીપી/જાહેરનામુ-Unlock-5/continue/4531/૨૦૨૦ વડોદરા શહેર, તારીખ :- ૦૨/૧૧/૨૦૨૦

-:: જાહેરનામુ :-

**ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ.૧૪૪ તથા જી.પી.એક્ટ ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ.**

વંચાણે લીધા :-(૧) ગુજરાત સરકારશ્રી ના હુકમ ક્રમાંક:જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦ આધારે.
(૨) ગુજરાત સરકારશ્રી ના હુકમ ક્રમાંક:જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૧૦/૨૦૨૦ આધારે.
(3) ગુજરાત સરકારશ્રી ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૯/૧૦/૨૦૨૦ આધારે
(૪) ગુજરાત સરકારશ્રી ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૧૦/૨૦૨૦ આધારે
(5) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/૦૯/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I (A) આધારે

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦/૦૯/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I (A) થી બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇનની અવધિ તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી **lock down** ની અવધિ લંબાવવામાં આવી છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા.૩૦/૦૯/૨૦૨૦ ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

વાસ્તે, હું આર.બી.બ્રહ્મભટ્ટ, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ.૩૭(૪) અન્વયે ઉપરોકત સંદર્ભ-૧ વાળા ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા અન્વયે હુકમ કરૂ છું કે,

::-હુકમ-::

કન્ટેમેન્ટ ઝોનમાં લોકડાઉનની અવધિ તા.૩૦/૧૧/૨૦૨૦ ના ક્લાક:૨૪/૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે. તથા ગૃહ વિભાગના તા.૦૧/૧૦/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક:જીજી/૬૫/૨૦૨૦/વિ.૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તેમજ તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૧૪/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:વ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP માર્ગદર્શક સુચનાઓ નીચેની બાબતો સિવાય તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી યથાવત રાખવામાં આવે છે.

ગૃહ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ સુચનાઓના પારા ૪(૨) તથા પારા ૫(૧) તા.૦૩/૧૧/૨૦૨૦ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

**"લગ્ન / સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ સંદર્ભે ગૃહ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ ના પારા-૩ માં દર્શાવેલ સુચનાઓનું પાલન કરવાની શરતે ખુલ્લા સ્થળોએ / બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ / પ્રસંગનું આયોજન કરી શકાશે."**

::--:વિસ્તાર:-

**વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

**અમલવારી :-**

**તા.૦૨/૧૧/૨૦૨૦ ના કલાક:૨૦/૦૦ વાગ્યાથી તા.૧૬/૧૧/૨૦૨૦ ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**-:શિક્ષા:-**

**આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫ મુજબ્ શિક્ષાને પાત્ર થશે.**

**-:જાહેર વિજ્ઞાપન:-**

**હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.**

**આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તથા જી.પી.એક્ટ કલમ.૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.**

આજ તા.     /૧૧/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

**(આર.બી.બ્રહ્મભટ્ટ)**
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ્ કોર્ટ, વડોદરા.
(૪) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૬) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) મેનેજરશ્રી, સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ. કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**